For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સ્મશાન માટે ખાનગી ઈજારો શા માટે? : સામાન્ય સભામાં વિપક્ષ

# વિપક્ષ સહિત સત્તાધારી સભ્યોનો સ્મશાનના ખાનગીકરણ પર વિરોધ

**સત્તાધારી** પક્ષના કાઉન્સિલર પરાક્રમસિંહ જાડેજા અને મનીષ પગારેએ પણ સ્મશાન મુદ્દે પુનર્વિચાર કરવા કહ્યું



સામાન્ય સભા પેહલા સુરક્ષા વ્યવસ્થા ખૂબ જ કડક રાખવામાં આવી હતી. ગઇકાલના તોફાની ઘટનાઓના અનુસંધાનમાં આજની સામાન્ય સભા પૂર્વે પાલિકા બહાર તેમજ અંદર બંને પ્રવેશદ્વારો પર પોલીસ અને એસઆરપીનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો,

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય સભામાં શહેરના તમામ સ્મશાનોના ખાનગીકરણના નિર્ણય અંગે ભારે ચર્ચા થઈ. શહેરના 31 સ્મશાનના સંચાલન માટે ખાનગી ઈજારદારોને જવાબદારી સોંપવામાં આવી છે. આ નિર્ણય સામે વિપક્ષ સહિત સત્તાધારી પક્ષના કેટલાક કાઉન્સિલરોએ પણ પ્રશ્નો ઊભા કર્યા હતા. સભામાં વિપક્ષે કહ્યું હતું કે, શહેરમાં ઘણા સ્મશાન વર્ષોથી સેવાભાવી સંસ્થાઓ સંચાલિત કરતું આવ્યાં છે અને તે સંચાલન સારી રીતે ચાલતું હતું. હવે શહેરના નાગરિકોના ટેક્સના પૈસાથી ખાનગી ઈજારદારોને આ કામગીરી સોંપવી યોગ્ય નથી. વિપક્ષના નેતા ચંદ્રકાન્ત શ્રીવાસ્તવે જણાવ્યું કે, અગાઉ લાકડાની વ્યવસ્થા અને અન્ય કામગીરી પાલિકાની જવાબદારી હતી, જે જવાબદારી અધિકારીઓએ યોગ્ય રીતે નિભાવી નથી. પૂર્વ વિપક્ષી નેતા અમી રાવતે ઉમેર્યું હતું કે, કોરોના સમયગાળા દરમિયાન જ્યારે કોઈ મૃતદેહને અડકવા તૈયાર ન હતું ત્યારે એ જ સેવાભાવી સંસ્થાઓએ અગ્નિદાહ આપ્યો હતો. ત્યારે હવે આવી સંસ્થાઓ ઉપર શંકા કરવી યોગ્ય નથી.

સત્તાધારી પક્ષના કાઉન્સિલર પરાક્રમસિંહ જાડેજા અને મનીષ પગારેએ પણ આ મુદ્દે પુનર્વિચાર થવો જોઈએ તેમ જણાવ્યું. મનીષ પગારેએ કહ્યું કે, અનેક લોકો સ્મશાન સાથે આસ્થાથી જોડાયેલા હોય છે અને પોતાના ખેતરના લાકડા દાનમાં આપે છે, ત્યારે આવી પરંપરાને પણ માન આપવું જોઈએ. તેમણે જણાવ્યું કે, અમે એક સ્મશાન માટે રજૂઆત કરી તો અધિકારીઓએ કહ્યું કે બધાં સ્મશાનો લેવાં હોય તો લેજો, એક નહીં મળે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ જ્યારે સ્મશાનનો ઈજારો આપવાનો હતુંત્યારે પણ સત્તા પક્ષના મનીષ પગારે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

#### દરેક સ્મશાનમાં વ્યવસ્થા સુદ્રઢ થશે

અગાઉ પણ કોર્પોરેશન લાકડા, સિક્યુરિટી વગેરે પર ખર્ચ કરતું હતું. શહેરના અમુક સ્મશાન સેવાભાવી સંસ્થાઓ સંચાલિત કરતી હતી પણ ઘણાં સ્મશાનમાં સુવિધાઓ નહોતી. હવે દરેક સ્મશાનમાં વ્યવસ્થા સુદ્રઢ થશે. ગરીબ લોકોને હવે એક રૂપિયો પણ ખર્ચ કરવો નહીં પડે, તમામ ખર્ચ પાલિકા ઉપાડશે. તેમના મતે આ જાહેર નાણાંનો યોગ્ય ઉપયોગ છે. **- ડો. શિતલ મિસ્ત્રી,** સ્થાયી અધ્યક્ષ

# વડોદરા મહાનગરપાલિકાની હદ વિસ્તાર વધતાં પાણી પુરવઠાની સુવિધાઓમાં વધારો

**પૂર્વ વિસ્તારમાં** પૂરતું પાણી પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ ચાર ઝોનમાં વિવિધ પાણીના સ્ત્રોતોમાંથી પાણી મેળવી નલની મારફતે પાણી વિતરણ થાય છે. શહેરના વિસ્તાર અને વસ્તી સતત વધતી હોવાથી, નવીન પાણીની ટાંકીઓ અને વિતરણ મથકો સ્થાપિત કરવાની તેમજ વર્તમાન નળ પુરવઠા નેટવર્કનું અપગ્રેડેશન કરવાની કામગીરી તેજ થઈ છે.

નવા પીવાના પાણીના સ્ત્રોત પણ વિકસાવાયાં છે. હાલમાં નિમેટા ખાતે 02 નવા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP) અને મહીસાગર રાયકામાં 01 WTP નું નિર્માણ ચાલી રહ્યું છે, જેના મારફતે પૂર્વ વિસ્તારમાં પૂરતું પાણી પહોંચાડવાની કામગીરી હાથ ધરાઈ છે. શહેરના કેટલાક વિસ્તારોમાં, જ્યાં હળવા દબાણથી અથવા નબળી સપ્લાયને કારણે સ્થાનિકોને પૂરતું પાણી ના મળતું હોય, ત્યાં ટેન્કર મારફતે પાણી પહોંચાડવામાં આવે છે. મેન્ટેનન્સ, કોન્ટમિનેશન વગેરે વખતે પણ ટેન્કરો દ્વારા પાણી વિતરિત થાય છે. સૌથી મહત્વનું, દર મહિને સરેરાશ 7000 ફેરા ટેન્કર વડે પાણી સપ્લાય કરવામાં આવે છે, જ્યારે પાછલા બે વર્ષ દરમ્યાન ફક્ત 1200-2000 ટેન્કર ફેરા પ્રતિમાસ કરવામાં આવતા હતા. શહેરી વિકાસ અને જન વસ્તી વધારાને દૃષ્ટિએ વડોદરા મહાનગરપાલિકા સતત પાણી પુરવઠા સુદૃઢ બનાવવા નવા પ્રોજેક્ટ્સ અને ઢાંચાગત સુધારાઓ કરી રહી છે, જેથી મહાનગરના વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની અછત અનુભવાતી રહે નહીં.

#### પાણી સપાટીને મજબૂત કરવાં નવા 9 પ્રોજેક્ટ રૂ. 248.22 કરોડના મંજૂર

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પાણીની પૂરતી અને સતત સપ્લાય માટે મહત્વના પ્રોજેક્ટો હાથ ધરાયા છે. પ્રસ્તાવ મુજબ નવા 8 પાણી શુદ્ધિકરણ અને સપ્લાય સ્ટેશનો સ્થાપાશે, જેના કારણે શહેરને રોજના કુલ 925 મિલિયન લિટર પાણી મળી શકશે. પ્રસ્તાવમાં પૂર્વ વિસ્તારમાં નિમેટા-4 (50 MLD), નિમેટા-5 (75 MLD), અને પોઇછા (100 MLD) સહિત, પશ્ચિમમાં ડોડકા-2 (50 MLD), સિદ્ધરોટ ફેઝ-2 (150 MLD), અને ઉત્તર-દક્ષિણમાં તમામ ઇન્ડેન્જન સ્ટેશનોનું નિર્માણ થશે. મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, કુલ રૂપિયા 248.22 કરોડના ખર્ચે આ યોજનાનો લાભ વડોદરા શહેરના નાગરિકોને મળશે અને પીવાનું પાણી વધુ સારી રીતે પહોંચાડી શકાશે.

### દરવાજોએ એક વ્યક્તિએ ખોલતા જ અંદર નબીરાઓ ગોળ કુંડાળુ વળી બેસેલા હતા

# છાણી કેનાલ રોડના બંગલામાં પ્રમોશનની પાર્ટી કરતાં ખાનગી કંપનીના 15 કર્મી ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના છાણી કેનાલ રોડ પાસે આવેલા એક બંગલાના પહેલા માળે કેટલાક કર્મચારીઓને પ્રમોશન મળતાં પાર્ટીનું ભેગા મળીને દારૂની પાર્ટી માણી રહ્યા હતા. છાણી પોલીસે આ બંગલામાં રેડ કરતા 15 જેટલા નબીરા ઝડપાઈ ગયા હતા. પોલીસને જોઈને તમામ નબીરાઓનો દારૂનો નશો પણ ઉતરી ગયો હતો. પોલીસે સ્થળ પરથી દારૂની ચાર બોટલ, 15 મોબાઈલ, 4 ટુ વ્હીલર સહિત રૂપિયા 1.74 લાખનો મુદ્દા માલ પણ કબજે કર્યો હતો.

વડોદરા શહેરના વિવિધ વિસ્તારમાં ગેરકાયદે ધમધમતા દારૂ અને જુગારના અડ્ડા ઉપર કાર્યવાહી કરવા માટેની પોલીસ કમિશનર દ્વારા સૂચના આપવામાં આવી હતી. જેના આધારે છાણી પોલીસ સ્ટેશનની ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરી રહી હતી. દરમ્યાન ફરતા ફરતા બાજવા ચેક પોસ્ટ પાસે આવતા બાતમી મળી હતી કે છાણી કેનાલ રોડ પાસે આવેલા સહયોગ બંગલો મકાન નંબર બી-1મા પહેલા માળે કેટલાક કંપનીના માણસો ભેગા મળી દારૂની મહેફીલ માણી રહ્યા છે. જેથી પીઆઇ આર એલ પ્રજાપતિની સૂચના મુજબ પોલીસની ટીમ બાતમી મુજબના બંગલામાં રેઈડ કરી હતી. મકાનના પ્રથમ માળનો દરવાજો બંધ હોય જે દરવાજો બહારથી પોલીસે ખખડાવ્યો હતો. એક વ્યક્તિએ ખોલતા અંદર નબીરાઓ ગોળ કુંડાળુ વળી બેસેલા હતા અને દારૂની દારૂની પાર્ટી ચાલતી હતી. પોલીસ હોવાની જાણ થતા તમામ નબીરાઓનો દારૂનો નશો પણ ઉતરી ગયો હતો. પોલીસે સ્થળ પરથી અલગ અલગ કંપનીની દારૂની બોટલો નંગ 4 રૂ. 4 હજાર, ટુ-વ્હીલર 4 રૂ. 75 હજાર અને મોબાઈલ 15 રૂ.15 હજાર કુલ રૂપિયા 1.74 લાખનો મુદામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

#### ઝડપાયેલા 15 નબીરાઓ



**વિમલ જયંતીભાઇ પટેલ** (રહે.સમનવય સીકવંસ માજલપુર વડોદરા શહેર),

**દીર્ઘ શૈલેષભાઇ દવે** (રહે. ગાંધીનગર),

**મહિર દિલીપસિંહ ટાટોડ** (રહે. દોડકા ગામ ઘોડીયાર વગો તા.જી. વડોદરા),

**જીગ્નેશ જયેશભાઇ ઓડ** (રહે.વૃંદાવન પાર્ક સોસાયટી ભાદરવા ચોકડી સાવલી તા.જી.વડોદરા)

**ગૌતમ મણીલાલ પરમાર** (રહે. દરૂણીયા ગામ વણકર ફળીયુ તા.ગોધરા જી.પંચમહાલ),

**કુણાલ દિનેશભાઇ દરજી** (રહે.અશ્વમેઘ ટેનામેન્ટ, માજલપુર વડોદરા)

**પાર્થ રાજેશભાઇ ગોહીલ** (રહે.વ્રજલીલા એપાર્ટમેન્ટ પરીવાર ચાર રસ્તા વડોદરા શહેર),

**રાજ વિનોદભાઇ પંચાલ** (રહે, વરીયા કોલોની હાલોલ જી.પંચમહાલ),

**પાર્થ મનોજભાઈ પટેલ** (રહે.કુલદિપ સોસાયટી, સીટીએમ અમદાવાદ શહેર),

**કૌશલ વિનોદભાઇ મીસ્ત્રી** ( રહે.સહયોગ બગલો સીતારામ કોમ્પ્લેક્ષ પાછળ છાણી વડોદરા),

**હર્ષિત અનીલકુમાર ધીમાણ** (રહે.શ્રી સ્વામીનારાણ નીકેતન, વાઘોડીયા રોડ વડોદરા),

**નોમીશ અનીલકુમાર દુબે** (રહે. સી-03 અમ્બીકાનગર ગામ કંસારી તા.ખંભાત જી.આણંદ),

**જૈનમ પ્રવિણભાઈ પટેલ** ( રહે. 30 શક્તિ પાર્ક જી.આઇ.પી.સી.એલ.સર્કલ પાસે સમા વડોદરા),

**ધ્રુવ પર્તિકભાઈ પારેખ** (રહે. જયતપાર્ક સોસાયટી, ઇસનપુર અમદાવાદ),

**સુનીલ રઘુનાથ માલી** મુળ (રહે, સહયોગ બંગલો સીતારામ કોમ્પ્લેક્સ પાછળ છાણી વડોદરા)

## ગરમીનો પારો 34.6 ડિગ્રીએ પહોંચતા ઉકળાટથી લોકો પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા તા.18

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી વરસાદની આગાહી વચ્ચે શહેરમાં શુક્રવારે પણ મેઘ વિરામ જોવા મળ્યો હતો સાથે જ મહત્તમ તાપમાન 34.6 ડિગ્રી સેલ્સિયસ જેટલું રહેતાં શહેરીજનો ઉકળાટભર્યા વાતાવરણથી ત્રાહિમામ પોકારી ઊઠયા હતા.

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી હતી જેમાં દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી વડોદરા શહેર સહિત મધ્ય ગુજરાતમાં પણ મોટા ભાગે વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. શુક્રવારે વડોદરા શહેરમાં મહત્તમ તાપમાન 34.6 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું જેના કારણે શહેરમાં ઉકળાટભર્યા વાતાવરણ થી શહેરીજનો ત્રાહિમામ પોકારી ઊઠયા હતા. શહેરમાં દિવસ અને રાત્રી દરમિયાન પણ લોકો એ.સી.,એર કૂલર, પંખા ચાલુ રાખી રહ્યા છે.

### ગંભીરા બ્રિજ મામલે આણંદ કલેક્ટર પ્રવિણ ચૌધરી ફરી નિષ્ક્રિય

# ગંભીરા બ્રિજ પર લટકતા ટ્રેલર હટાવવાનો મુદ્દો બે જિલ્લા વચ્ચે ફસાયો

**અકસ્માત** બાદ પણ આણંદ જિલ્લાના કલેક્ટર RTS કેસોમાં વ્યસ્ત જોવા મળતા નોકરિયાત યુવાઓમાં નારાજગી વ્યાપી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.18

ગંભીરા બ્રિજ પર થયેલી ગંભીર દુર્ઘટનાને ઘણા દિવસ વીતી ગયા હોવા છતાં એક ટ્રેલર હજી પણ સ્પાન પર લટકી રહ્યું છે. આ મામલે હવે ટેન્કર ચાલક અને માલિકે તંત્ર પર ગંભીર આક્ષેપ કર્યા છે. તેમનું કહેવું છે કે, આણંદ જિલ્લા તંત્ર વડોદરા જિલ્લા તંત્ર પર ટ્રેલર હટાવવાની જવાબદારી ધકેલી રહ્યું છે, જ્યારે વડોદરા જિલ્લા કલેક્ટરે સ્પષ્ટપણે કહ્યું છે કે આ મામલે સંપૂર્ણ જવાબદારી આણંદ જિલ્લા કલેક્ટર અને માર્ગ અને મકાન વિભાગની છે. અગાઉ પણ આ સમસ્યા અંગે આણંદ જિલ્લાના હજારો યુવાઓએ તારાપુર હાઈવે પર ધરણાં કરીને સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. આ યુવાઓ પાદરા તાલુકાની વિવિધ કંપનીઓમાં રોજગારી માટે રોજ મુસાફરી કરે છે, પરંતુ બ્રિજ તૂટી પડવાને કારણે હવે તેમના મુસાફરીનો સમય ત્રણથી ચાર કલાક જેટલો વધી ગયો છે.

યુવાઓએ માંગ ઊઠાવી હતી કે કંપનીઓ તેમને મુસાફરી માટે અલગથી ભથ્થું આપે, કારણ કે હવે તેમના સમય અને ખર્ચમાં વધારો થયો છે. આંદોલન દરમ્યાન ખાસ કરીને આ વાતે ઉગ્રતા જોવા મળી હતી કે અકસ્માત બાદ પણ આણંદના કલેક્ટર પ્રવીણ ચૌધરી ઘટનાસ્થળે આવ્યા નહીં. તે સમયે તેઓ ઉમરેઠ ખાતે RTS કેસોના નિરાકરણ માટે હાજર હતા, જેને લઈને યુવાઓમાં ભારે અસંતોષ ફેલાયો હતો. હવે ફરીથી આણંદના કલેક્ટરની નિષ્ક્રિયતા ચર્ચામાં આવી છે, કારણ કે ટ્રેલર હટાવવાનો મુદ્દો હજી સુધી ઉકેલાયો નથી અને બે જિલ્લાઓ વચ્ચે જવાબદારી અંગે માથાજીક ચાલે છે. લોકો અને મુસાફરી કરતા લોકો માટે મુશ્કેલી હજુ યથાવત છે.



#### ટેન્કર હટાવવાનું રેસ્ક્યુ પૂર્ણ થયા બાદ શક્ય

ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ હાલ હજુ રેસ્ક્યું ઓપરેશન ચાલી રહ્યું છે. હજુ પાંચથી છ દિવસ આ ઓપરેશન પૂર્ણ કરવામાં થાય એમ છે. રેસ્ક્યુ ઓપરેશન પૂર્ણ થયા બાદ જ ટેન્કર હટાવી શકાશે. **- કૌશલ બ્રહ્મભટ્ટ,** કાર્યપાલક ઇજનેર, માર્ગ અને મકાન વિભાગ

### કંપનીએ 10 થી 15 તારીખમાં પગારની ખાતરી આપી હતી

# અકોટા MGVCLના 300 કોન્ટ્રાક્ટ પરના કર્મચારી અનિયમિત પગાર સામે હડતાળ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ માં વિઝનપ્લસ પ્રાઈવેટ લિમિટેડના નેજા હેઠળ કામ કરતા કોન્ટ્રાક્ટ આધારિત 300 જેટલા કર્મચારીઓ છેલ્લા ચાર મહિનાથી પગાર ન મળતાં હડતાલ પર ઉતરી ગયા

આ કર્મચારીઓમાં ડ્રાઈવર અને હેલ્પર સહિતના વર્ગોનો સમાવેશ થાય છે, જે વીજળીના વિઘટન સમયે જીવના જોખમે સેવા આપે છે. કંપની દ્વારા દરેક મહિનાની 10થી 15 તારીખે પગાર મળશે તેવી ખાતરી આપવામાં આવે છે છતાં છેલ્લા ચાર મહિનાથી પગારમાં વિલંબ થઈ રહ્યો છે, જેના કારણે કર્મચારીઓ પર લાંબા સમયથી આર્થિક તંગી આવી છે.



વિઝનપ્લસ પ્રા. લી.ના નેજા હેઠળ છેલ્લા આઠ મહિનાથી એમજીવીસીએલમાં સતત સેવા આપતા આ કર્મચારીઓએ ગુરુવાર મોડી રાતથી અસંતોષ વ્યક્તિ કરીને આખરે હડતાલનો રસ્તો અપનાવ્યો છે. કર્મચારીઓના કહેવા પ્રમાણે એમજીવીસીએલ અને વિઝનપ્લસ પ્રાઈવેટ લિમિટેડ બંને પાસે વારંવાર પગાર માટે રજૂઆત કરવા છતાં માળખાગત વ્યવસ્થા સુધરતી નથી, અને નિયમિત પગારની અવ્યવસ્થા તેમની જીવનદાયિ કામગીરીને અવરોધે છે.

વિજ જાળવણી અને દુરસ્તી વચ્ચે કર્મચારીઓની સુરક્ષા, આર્થિક સુખાકારી અને શોષણના પ્રશ્નો ફરીથી ઉપસ્થિત થયા છે. વિઝનપ્લસ પ્રા. લી.ના કર્મચારીઓની હડતાલની અસરથી વીજ વિતરણના કામગીરી પર પણ સીધો પ્રભાવ પડવાનો સંભવ છે. નિયત તારીખે પગાર મળી રહે અને સેફટીના સાધનો પણ અપાતા નથી તેપણ દરેક વર્કર ને મળવી જોઈએ તેવી તેમની માંગ સામે સંસ્થા અને સંબંધિત વિભાગે નિરાકરણ લાવવા તત્પરતા દાખવવાની તાકીદ છે. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ નું મુખ્ય ધ્યેય અવિરત અને વિશ્વસનીય વીજ પુરવઠો જળવાઈ રહે તે છે, તેમ છતાં કોન્ટ્રાક્ટ કર્મચારીઓ સામે આવી મુશ્કેલી આ ધ્યેય સામે સવાલ ઊભા કરે છે.

## દશામા તથા ગણેશ ચતુર્થીના તહેવારને લઈને શાંતિ સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

આગામી દશામા તથા ગણેશજીના તહેવારને લઇને મદદનીશ પોલીસ કમિશનર ઇ ડિવિઝન જી ડી પલસાણાની અધ્યક્ષતામાં પાણીગેટ અને વાડી પોલીસ સ્ટેશનના પીઆઇ સાથે હિન્દુ મુસ્લિમ સમુદાયના શાંતિ સમિતિના સભ્યોની 18 જુલાઈના રોજ મીટિંગ યોજાઈ હતી. જેમાં આગામી દશામા તથા ગણેશજી તહેવાર નિમિત્તે કોઇ અનિચ્છનીય બનાવ ના બને અને શાંતિયુક્ત વાતાવરણ જળવાઇ રહેતા ઉપરાંત કાયદો અને વ્યવસ્થા તથા કોમી એખલાસની ભાવના પણ જળવાઈ રહે માટે તથા બંને તહેવાર દરમિયાન કોઇ અફવા પર ધ્યાન નહી આપવા, સોશિયલ મીડિયા પર ખોટા મેસેજ વાઇરલ ન કરવા કોઇ શંકાસ્પદ જણાય તો તુરંત પોલીસને જાણ કરી સહિતની તમામ માહિતી બાબતે માર્ગદર્શન અપાયું હતુ.

### મીઠાઈ-ફરસાણની દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ અને લારીઓમાં ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા ચેકિંગ

# પાલિકાનું ફૂડ સેફટી ચેકિંગ 43 નમૂનાઓનું સ્થળ પર જ ટેસ્ટિંગ, મિલાવટ ધરાવતો માલ કરી નષ્ટ

**TPC** વેલ્યુ વધારાના તેલ અને રંગભરેલા ખાદ્યપદાર્થો સ્થળ પર જ નષ્ટ, લેબોરેટરીમાં વધુ નમૂનાઓ મોકલાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા કોર્પોરેશનની ખોરાક શાખા દ્વારા શહેરના અનેક વિસ્તારોમાં મીઠાઈ-ફરસાણની દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ તેમજ લારીઓમાં ફૂડ સેફ્ટી નિયમોના ચુસ્ત પાલન માટે વિશેષ ચેકિંગ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. શહેરની વિવિધ જગ્યા પરથી મેંગો બરફી, ચોકલેટ બરફી, પાયનેપલ બરફી, કપાસીયા તેલ, સેવવગેરે સહિત વિવિધ ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લઇ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. કુલ 43 નમૂનાઓનો 'ફૂડ સેફ્ટી ઓન વ્હિલ્સ' વાન દ્વારા સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી. ખાસ કરીને મરચું પાવડર, બટર, તેલ, ચટણી, આઈસક્રીમ જેવા નમૂનાઓનું અડધી કલાકમાં ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું.



ચેકિંગ દરમિયાન વારંવાર તળવામાં આવતા તેલની ટી.પી.સી. (ટોટલ પોલર કંપાઉન્ડ્સ) વેલ્યુ ચકાસવામાં આવી હતી અને જ્યાં તેલ અપ્રમાણમાં મળ્યું ત્યાં તેલનું સ્થળ પર જ નાશ કરવામાં આવ્યું હતું. તેમજ ચાઈનીઝ ફૂડ લારીઓમાંથી રંગ મળતા તેની બધી જ વાનગીઓ નષ્ટ કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યવાહી મુખ્યત્વે જનહિત અને આરોગ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખી અમલમાં મૂકવામાં આવી હતી. વડોદરા કોર્પોરેશનના ફૂડ સેફ્ટી ઓફિસર વિભિન્ન ટીમ દ્વારા આ ચેકિંગ હાથ ધરાયું હતું, જેમાં અનેક ખાદ્યપદાર્થોના ટ્રાન્સપરેંસી અને ગુણવત્તા માટે તાત્કાલિક પગલાં લેવાયા હતા. આ ચેકિંગ અભિયાન અવિરત રહેશે અને હતાર ઘટમાળના વેપારીઓને કડક હુકમ આપવામાં આવ્યો છે કે કોઈ પણ જાતે અશુદ્ધ તથા અપ્રમાણપાત્ર ચીજવસ્તુઓ વેચાણમાં મૂકતા ઝડપાશે તો તેમના પર નિયમ મુજબ કાર્યવાહી થશે.

### ખખડી ગયેલા નર્મદા ભુવન બહુમાળી ઇમારતમા નખાઈ રહેલી ફાયર સિસ્ટમની કામગીરી ખોરંભે ચડી

# લાખોના ખર્ચે નાખેલી જૂની ફાયર સિસ્ટમ શોભાના ગાંઠિયા સમાન

**તદ્દન** જર્જરીત અને બિસ્માર હાલતમાં જોવા મળતી બહુમાળી બિલ્ડિંગમાં પ્રજાના પૈસાનો વેડફાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

પ્રજાના પરસેવાની કમાણી ના પૈસાનો કેટલો આડેધડ ઉપયોગ થાય છે તે નો ઉઘાડો દાખલો નર્મદા ભુવનમાં જોવા મળે છે. આઠ માળની ઈમારત મા સરકારી કચેરીઓ આવેલી છે. ભોંય તળિયે જનસેવા કેન્દ્રમાં દિવસભર નાગરિકોની મોટા પ્રમાણ મા ચહલ પહલ જોવા મળે છે. માથું ફાડી નાથે તેવા દુર્ગંધ યુક્ત શૌચાલયો, પાણીના નળ તૂટેલા ફૂટેલા. ચારે બાજુ ગંદકીના ઢગલા વચ્ચે જર્જરીત બની ચુકેલી બિલ્ડિંગ નું સ્ટ્રક્ચર જોતા સંપૂર્ણ ધરાશયી કરીને નવી જ બાંધવી પડે તે હદે પહોંચી ચુકી છે છતાં તંત્રના પેટનું પાણી સુદ્ધા હલતું નથી.

આવી ગંભીર પરિસ્થિતી માં નવી ફાયર સિસ્ટમ નાખવાનો લાખોનો કોન્ટ્રાક્ટ સુદ્ધા અપાઈ ગયો છે. લગભગ તમામ ફ્લોર પર અડધા થી વધુ કામગીરી કર્યા બાદ મહિનાઓથી કામગીરી બંધ પડી છે. મોંઘીદાટ લોખંડની પાઈપ કાપીને દરેક ફ્લોર પર નધણીયાતિ હાલતમાં કાટ ખાતી પડી છે. કોના બાપની દિવાળી? એક જ ઈમારતમાં આટલી બધી સરકારી કચેરીઓ કાર્યરત છે ન કરે નારાયણ અને આકસ્મિક આગ લાગે તો કાબુમા કેવી રીતે લેવાશે. આમ તો સરકારને આગ લાગે ત્યારે જ કુવો ખોદવાની ટેવ પડી છે એ તંત્રની ટેવ ક્યારે સુધરશે. મોટે ઉપાડે કામગીરી હાથ ધરી ને અડધેથી બંધ કરી દેવામાં ક્યાં ઉચ્ચ અધિકારી ને રસ છે. મોંઘીદાટ પાઈપો કાટ ખાઈને સડી જશે એ નુકસાનીની ભરપાઈ કોણ કરશે? એવી ચર્ચા બિલ્ડિંગમાં જ સાંભળવા મળી હતી.



#### જુની ફાયર સિસ્ટમ હવે નઈ ચાલી શકે: એક્ઝિ. એન્જિનિયર

માર્ગ અને મકાન વિભાગના એક્ઝિક્યુટિવ એન્જિનિયર રાજેશ્વરી એ આજે જ ચાર્જ લીધો છે તેમને જુની ફાયર સિસ્ટમ રીપેરીંગ અંગે વાતચીત કરતા જણાવ્યું હતું કે જુની ફાયર સિસ્ટમ નઈ ચાલે.. રીપેરીંગ પણ શક્ય નથી. તેથી નવી ફાયર સિસ્ટમ નાખવાનો નિર્ણય લેવાયો છે.

#### માર્ગ અને મકાન વિભાગની કોઈ જવાબદારી ખરી?

ગંભીરા બ્રિજ દુર્ઘટના મા રીપેરીંગ બાબતે તદ્દન નિષ્કાળજી દાખવનાર ઉચ્ચ અધિકારીઓ સસ્પેન્ડ થઇ ગયા. ગુજરાત સરકાર ના અનેક જવાબદાર વિભાગો ઉપર હદ બહાર માછલા ધોવાયા છતાં તંત્ર હજુ પણ ઘોરતું રહે છે. નર્મદા ભવન હોય કે કુબેર ભવન કઈ સરકારી કચેરી એવી છે કે યોગ્ય અને પ્રાથમિક સુવિધા હોય છે. હા તમામ સગવડ અધિકારીઓની ઓફિસ માં ચોક્કસ મળે છે. સરકારી ખર્ચે ધમધમતા એસી, મોંઘાદાટ ફર્નિચર, પાલીશ જેવા રંગરોગાન ગણતરીના સમયમાં થઈ જાય છે જ્યારે પ્રજાલક્ષી કંઈક કરવાનું આવે ત્યારે આંખ આડા કાન કરવામાં આવે છે. માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓએ તાત્કાલિક નર્મદા ભવન ની મુલાકાત લઈને સત્વરે ફાયર સિસ્ટમ ની કામગીરી શરૂ કરાવવી જોઈએ. કે પછી હજુ કેટલાક નિર્દોષોનો ભોગ લેવાયા બાદ તંત્ર સફાળુ જાગીને દોડતું થશે.

### સ્થાનિકને કોન્ટ્રાકટરના મળિતાયાએ ધમકી આપી લલચાવવાનો પ્રયાસ કર્યો

# કારેલીબાગમાં રાજ કન્સ્ટ્રકશનના કોન્ટ્રાક્ટરની બેદરકારી : ગટર પર ઢાંકણું જ ના બેસાડ્યું

**કોન્ટ્રાકટર** સામે કાયેદસરની કાર્યવાહી કરવા કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં અરજી

(પ્રતિનિધિ) વડોદરા તા.18

કારેલીબાગ વિસ્તારમાં સ્વિમિંગ પુલ પાસે ગટરનું ઢાકણ તુટી ગયુ હોય તેમ છતાં કોન્ટ્રાકટર દ્વારા નહી બેસાડી બેદરકારી દાખવવામાં આવી છે. ત્યારે વાહન ચાલકો માટે ખુલ્લી ગટર જોખમી બની ગયા બાબતે અધિકારીને જાણ કરતા તેઓએ કોન્ટ્રાક્ટર પર ખો આપી હાથ અધ્ધર કરી દીધા હતા. ત્યારબાદ રાજ કન્સ્ટ્રક્શનના કોન્ટ્રાક્ટરના મળતીયાએ અરજદારને ધમકી તથા લાલચ આપી દબાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ એકના બે થયા ન હતા અને કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં અરજી આપી છે.

કારેલીબાગ વિસ્તારમાં આવેલી સ્કાય હારમની સોસાયટીમાં રહેતા હિતેશ દિનેશભાઈ સાંગઠિયા 17 જુલાઈના રોજ સવારના સમયે કારેલીબાગ સ્વિમિંગ પુલ વાળા રોડ પરથી ટુ વ્હીલર પર પસાર થતા હતા. તે દરમિયાન વરસાદી ગટર ખુલ્લી તેમાં તેઓ પડી જતા બચી ગયા હતા. જેથી તેઓએ આ ગટર માટે રોડ પ્રોજેક્ટરના અધિકારીને જામ કરી કરી હતી પરંતુ અધિકારીએ ઢાંકણુ બેસાડ્યું હતું પરંતુ બીજા દિવસે ફરી આ ગટરનું ઢાકણ તુટી ગયું હતું. પરંતુ સવારે ફરીવાર વરસાદી ગટરમાં તેઓ પડી જતા સદનસીબે બચી ગયા હતા. જેથી તઓએ જાતે ફરી ઢાકણ ગટર પર મુકયુ હતું. તુટી ગયેલા ઢાંકણનો ફોટો પાડી તેઓએ અધિકારીને મોકલ્યો હતો. ત્યારે અધિકારીએ રાજ કન્સ્ટ્રક્શનના કોન્ટ્રાક્ટર દ્વારા કામમાં બેદરકારી દાખવવામાં આવી હોવાના કારણે લોકોના જીવ સામે જોખમ ઉભુ થયું હોય જેથી હિતેશ ભાઈ સાંગઠિયાએ કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવાનું જણાવ્યું હતું. ત્યારે કોન્ટ્રાક્ટરના માણસે તેમના પર ફોન આવ્યો હતો અને તેમને ધમકાવી લાલચ આપવાનો પ્રયાસ કરાયો હતો. ત્યારે આ માણસ સાથે તેમને ઉગ્ર બોલાચાલી થઈ હતી. પરંતુ હિતેશભાઈએ તેમના નાના બાળકો છે જો તેઓ ગટરમાં પડી જાય તો તમે તેમના પરિવારના સભ્યોની જવાબદારી લેવાના છો તેમ કહેતા કોન્ટ્રાકટરના મળતીયો તેમના અકળાઈ ગયો હતો અને તેમની ધમકી પણ આપી હતી. જેથી હિતેશભાઈ સાંગઠિયાએ કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં કોન્ટ્રાક્ટર દ્વારા ખુલ્લી ગટર રાખી બેદરકારી દાખવી હોય તેમના વિરુદ્ધ અરજી આપી કાર્વાહી કરવા માંગણી કરી છે.